દિવ્ય ભાસ્કર

## વાપી ભાસ્કર 23-10-2022

# ખેરગામનો યુવક હિમાચલના એડવેન્ચર કેમ્પમાં ભાગ લેશે

**ખેરગામ |** ખેરગામની સરકારી કોલેજમાં રાષ્ટ્રીય સેવા યોજનાનો છેલ્લા 14 વર્ષનો અનુભવ ધરાવનાર ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-1 ના આચાર્ય ડૉ. સંજયભાઇ એમ. પટેલના માર્ગદર્શન હેઠળ ટી.વાય.બી.એ. માં અભ્યાસ કરતો તરૂણભાઇ અશ્વિનભાઇ પટેલ ભારત સરકારના યુવા અને રમતગમત મંત્રાલય દિલ્હી દ્વારા આયોજિત નેશનલ એડવેન્ચર કેમ્પ - 2022 જે તા. 27-10-22થી તા. 5-11-22 દરમિયાન સિમલા - મનાલી, હિમાચલ પ્રદેશ ખાતે યોજાશે. જેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાંથી કુલ- 10અને સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરમાંથી કુલ- 10મળીને ગુજરાત રાજ્યમાંથી કુલ - 20 એન.એસ.એસ.ના બેસ્ટ સ્વયંસેવક - સેવિકાઓની પસંદગી થઇ હતી.

## વાપી કોર્ટ પાસે પાર્ક થયેલી ટ્રક સાથે બાઈક ભટકાઈ, ચાલકનું મોત

| વાપી |

વાપીની શ્રી સાંઈ દર્શન ટ્રાવેલ્સમાં ડ્રાઈવર તરીકે નોકરી કરતા ડ્રાઈવર ઈન્દ્રજીતસિંહ ગીરવત સિંહ જાડેજા પોતાની સ્પ્લેન્ડર મોટર સાયકલ નં. જીજે-૧૫-ડીપી-૮૨૯૪ લઈને જઈ રહ્યા હતા. ત્યારે વાપી કોર્ટની સામે મુંબઈથી સુરત તરફ જતા ને.હા.નં. ૪૮ના સર્વિસ રોડ ઉપર ચાલકે ટ્રક નં. એમપી-૧૩-એચ-૦૨૯૦ રાત્રે ઉભી રાખી હતી. ચાલકે તેની આગળ-પાછળ કોઈ સિગ્નલ લાઈટ ચાલુ રાખી ન હતી કે ટ્રક ઉભી હોવા અંગેના રીફલેક્ટર પણ મુક્યા ન હતા. આથી સ્પ્લેન્ડર બાઈક ટ્રકની પાછળ ભાગે અથડાઈ પડતા ચાલકને શરીરે તથા માથાના અને ગળાના ભાગે ગંભીર ઈજા થઈ હતી. આ સાથે જ તેનું સ્થળ પર મોત થયુ હતુ. ઘટના બાદ ટ્રક ચાલક ટ્રકને સ્થળ ઉપર જ છોડી ફરાર થઈ ગયો હતો. આ અકસ્માત અંગે સાંઈ દર્શન ટ્રાવેલ્સના મુકેશભાઈ દવેએ વાપી ટાઉન પોલીસને ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.



# સોફ્ટ સ્કીલ તથા સ્પોકન ઈંગ્લીશ કૌશલ્ય માટે ખેરગામમાં ફિનિશિંગ સ્કૂલની તાલીમનો પ્રારંભ

| ચીખલી |

ખેરગામ કોલેજમાં પ્રથમ તબકકાની ફિનિશિંગ સ્કુલની તાલીમનુ આયોજન હાથ ધરવામાં આવ્યુ હતુ આ તાલિમનો ઉદેશ ગુજરાત રાજ્યના વિદ્યાર્થીઓને સોફ્ટ સ્કીલ તથા સ્પોકન ઈંગ્લીશ ની કૌશલ્યવર્ધક તાલીમ આપી તેઓની રોજગારી મેળવવાની ક્ષમતામાં વધારો કરવાનો છે. આ પ્રકલ્પ અંતર્ગત કોલેજના છેલ્લા વર્ષ ટી.વાય અને જરૂર પડે બીજા વર્ષે એસ.વાય ના વિદ્યાર્થીઓને કુલ ચાર કંમ્પોનન્ટ મળીને કુલ ૨૦ દિવસ ચાલનારી ૮૦ કલાકની તાલીમ આપવામાં આવશે આ તાલિમ માટે ગુજરાત સરકાર પ્રત્યેક કોલેજના બેચ દીઠ ૨ લાખથી વધુનો ખર્ચ કરે છે પ્રથમ તબકકાની તાલીમ આપવા માટે ભારત સરકારના માનવ સંશાધન વિકાસ મંત્રાલય તરફથી પંસદગી પામેલા અમદાવાદથી પધારેલા ફિનિશિંગ સ્કુલના માસ્ટર ટ્રેનર ડૉ. આદિત્ય યાજ્ઞિક કે જેઓ વિશ્વના ૧૬ દેશોની ભાષાનુ આદાન પ્રદાન કરનાર અનુભવી છે અને તેમની સાથે સહયોગી વડોદરા થી પધારેલા સિધ્ધાર્થ પરમ તેમની સાથે જોડાયા હતાકાર્યકત્રણુસંચાલન ફિનિશિંગ સ્કુલના કો. ઓર્ડિનેટર પ્રા. ડૉ. મનિષાબેન આર. જોગિયાએ કર્યુ હતું. આ તાલિમમાં ૫૨ જેટલા વિદ્યાર્થીઓએ રસપુર્વક ભાગ લીધો હતો.

# ખેરગામ સરકારી કોલેજમાં ફિનિશિંગ સ્કૂલની તાલીમ ચાર તબક્કામાં સંપન્ન

## માસ્ટર ટ્રેનર આદિત્ય, સહયોગી સિદ્ધાર્થ પરમના પ્રયાસ



સત્ય ડે / વિનોદ મિસ્ત્રી : ખેરગામ : સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ ખેરગામ, તા. ખેરગામ, જિ.નવસારી ખાતે તા.૨૪/૧૧/૨૦૨૨થી ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની તથા કે.સી.જી. અમદાવાદ દ્વારા સંચાલિત ફિનિશિંગ સ્કૂલના પ્રથમ કમ્પોનન્ટ લાઈફસ્કીલ નો આરંભ કરેલ જે તા.૧૭/૧૨/૨૦૨૨ના ચોથા તબક્કાની ફિનિશિંગ સ્કૂલની તાલીમથી સંપન્ન થઈ. પૂર્ણાહુતિ કાર્યક્રમ આચાર્ય ડૉ.એસ.એમ.પટેલના સાનિધ્યમાં ફિનિશિંગ સ્કૂલના માસ્ટર ટ્રેનર ડૉ. આદિત્ય યાજ્ઞિક અને એમના સહયોગી સિદ્ધાર્થ પરમની ઉપસ્થિતિમાં યોજાયો. પ્રસંગોચિત ઉદબોધન કરતા આચાર્યએ વિદ્યાર્થીઓને જણાવ્યું કે "આ તાલીમનો ઉદ્દેશ ગુજરાત રાજ્યના વિદ્યાર્થીઓને સોફ્ટસ્કીલ તથા સ્પોકન ઈંગ્લીશની કૌશલ્યવર્ધક તાલીમ આપી તેઓની રોજગારી મેળવવાની ક્ષમતામાં વધારો કરવાનો છે. આ પ્રકલ્પ અંતર્ગત કોલેજના છેલ્લા વર્ષ (TY) અને જરૂર પડે બીજા વર્ષ (SY) ના વિદ્યાર્થીઓને કુલ ચાર કમ્પોનન્ટ મળીને કુલ ૨૦ દિવસની ૮૦ કલાકની તાલીમ નિર્વિઘ્ને પૂર્ણ થઈ જેનો હું રાજીપો વ્યક્ત કરું છું. ચારેય તબક્કાની તાલીમ આપવા માટે ભારત સરકારના માનવ સંશાધન વિકાસ મંત્રાલય તરફથી પસંદગી પામેલા-અમદાવાદથી પધારેલા કે જેઓ વિશ્વના ૧૬ દેશોની ભાષાનું આદાન-પ્રદાન કરનાર અનુભવી એવા ડૉ. આદિત્ય યાજ્ઞિકે પ્રિ. ડૉ. એસ.એમ.પટેલની સાથે થયેલ પ્રથમ ટેલીફોનીક વાતચીતનો અનુભવ વિદ્યાર્થીઓ સાથે શેર કરતા જણાવ્યું કે -આપે શરૂઆતથી પહેલી ટ્રેનીંગ શરૂ કરાવી મારા બાળકોને અત્યારેજ આ ટ્રેનીંગ આપવી છે, તેમને સારામાં સારી તાલીમ મળવી જોઈએ એવા એમના (એસએમ) હકારાત્મકથી અમે અહીં આદિવાસી અંતરિયાળ પછાત વિસ્તારમાં તત્કાળ આવ્યા છે. ગુજરાત સરકાર તરફથી આવા કર્મશીલ આચાર્ય આપણને મળવા ખુબ મુશ્કેલ છે તેઓના સંસર્ગમાં અમે પણ કઈક શીખ્યા છે આજે અમને અહીંથી જવું ગમતું નથી આ સંસ્થાની અને આચાર્યની બાળકો પ્રત્યેની લાગણી અમને આ કોલેજ કેમ્પસ છોડતા રોકે છે- સમગ્ર કાર્યક્રમનું સંચાલન ફિનિશિંગ સ્કૂલના કો.ઓર્ડિનેટર અને સમાજશાસ્ત્ર વિભાગના પ્રા.ડૉ. જ્યોતિ કુરાડાએ કર્યું હતું. અને કો.ઓર્ડિનેટર પ્રા. ડૉ. ધર્મરાજભાઈ ટેમ્બરેજીએ કરી તાલીમી ૫૦ વિદ્યાર્થીઓને ભાવી કારકીર્દિ માટે શુભેચ્છાઓ પાઠવી હતી. મહાઆચાર્ય સંજયભાઈએ તાલીમ આપનારાનો સવિશેષ આભાર માન્યો હતો.

દિવ્ય ભાસ્કર

## નવસારી 18-12-2022

# ખેરગામમાં ફિનિશિંગ સ્કૂલની ચાર તબક્કાની 20 દિવસની તાલીમ સંપન્ન




**ખેરગામ |** ખેરગામ કોલેજમાં ચોથા તબક્કાની ફિનિશિંગ સ્કૂલની તાલીમનો પૂર્ણાહુતિ કાર્યક્રમ આચાર્ય ડૉ.એસ.એમ.પટેલના સાનિધ્યમાં ફિનિશિંગ સ્કૂલના માસ્ટર ટ્રેનર ડૉ. આદિત્ય યાજ્ઞિક અને એમના સહયોગી સિદ્ધાર્થ પરમની ઉપસ્થિતિમાં યોજાયો હતો. પ્રસંગોચિત ઉદબોધન કરતા આચાર્યએ વિદ્યાર્થીઓને જણાવ્યું કે, 'આ તાલીમનો ઉદેશ ગુજરાત રાજ્યના વિદ્યાર્થીઓને સોફ્ટસ્કીલ તથા સ્પોકન ઈંગ્લીશની કૌશલ્યવર્ધક તાલીમ આપી તેઓની રોજગારી મેળવવાની ક્ષમતામાં વધારો કરવાનો છે'. આ પ્રકલ્પ અંતર્ગત ડૉ. આદિત્ય યાજ્ઞિકે પ્રિ. ડૉ. એસ.એમ.પટેલની સાથે થયેલ પ્રથમ ટેલિફોનિક વાતચીતનો અનુભવ વિદ્યાર્થીઓ સાથે શેર કર્યો હતો. કાર્યક્રમનું સંચાલન ફિનિશિંગ સ્કૂલના કો.ઓર્ડિનેટર અને સમાજશાસ્ત્ર વિભાગના પ્રા.ડૉ. જ્યોતિ કુરાડાએ અને IQAC/NAAC કો.ઓર્ડિનેટર પ્રા.ડૉ.ધર્મરાજભાઈ ટેમ્બરેજીએ કર્યું હતું. આ તાલીમનો 50 વિદ્યાર્થીએ તાલીમનો લાભ લીધો હતો.

# ખેરગામ સરકારી કોલેજમાં વૈદિક ગણિતશાસ્ત્ર-સતિષભાઈ, પ્રા.ડૉ. પ્રદ્યુમન દ્વારા કેરિયર ગાઈડન્સ વિશે સેમિનાર



**સત્ય ડે / વિનોદ મિસ્ત્રી : ખેરગામ :** સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ ખેરગામ, જિ.નવસારી ખાતે તા.૨૬/૧૨/૨૦૨૨ને સોમવારના રોજ આચાર્ય ડૉ.એસ.એમ.પટેલના માર્ગદર્શન હેઠળ IQAC અંતર્ગત ઈનોવેશન અને SSIP ક્લબ અંતર્ગત બેઝીક ઓફ ઈનોવેશન તેમજ ઉદ્દિશા પ્લેસમેન્ટ સેલ અંતર્ગત કેરિયર ગાઈડન્સ સેમિનારનુ આયોજન કરવામા આવ્યુ હતુ.

જેમાં સુરતથી પધારેલા વૈદિક ગણિતશાસ્ત્રનાં નિષ્ણાંત સતિષભાઈ પટેલ અને સાયન્સ કોલેજ ચીખલીથી પ્રા.ડૉ.પ્રદ્યુમનભાઈ પરમાર તેમજ NDRF ફાઉન્ડેશન સેન્ટર ખેરગામથી મનિષાબેન પટેલનો સંસ્થાના વડા ડૉ.એસ.એમ.પટેલે શાબ્દિક પરિચય કરાવી? પુષ્પગુચ્છ આપી આવકાર્યા હતા. પ્રા.ડૉ.પ્રદ્યુમનભાઈએ વિદ્યાર્થીઓને સ્ટુડ્ન્ટ સ્ટાર્ટપ ઈનોવેશન પોલિસી-૦૨, સન ૨૦૨૨ થી ૨૦૨૭ની ટર્મ વિશે માહિતગાર કરી પાવર પૉઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા વિદ્યાર્થીઓને ન્યુ આઈડિયા, ટેકનિકલ જરૂરિયાત, મદદરૂપ થવા માટે કોલેજ કક્ષાએ ઈનોવેશન અને SSIP ક્લબ કાર્યરત છે તે અંગે વિસ્તૃત માહિતિઓ આપી હતી.

વૈદિક ગણિતશાસ્ત્રનાં નિષ્ણાંત સતિષભાઈ પટેલે કેરિયર ગાઈડન્સ વિશે વિદ્યાર્થીઓને જણાવ્યુ કે કારકિર્દીના ચાર પાયાના સિધ્ધાંતો, શું કરવું? શું વિચારવું? શું ન કરવું? કેવી રીતે કરવું? ની સમજ આપી ખર્ચ, સમયની ગણતરી, પ્રતિષ્ઠા અને પૈસા તેમજ માંગ અને પૂરવઠાના નિયમ પ્રમાણે અભિગમ [illegible] રૂચિ [illegible] ઈચ્છાશક્તિ [illegible] કા[illegible] તો સફળતા ચોક્કસ મળશે [illegible] જણાવી પોતાના જીવનના વિવિધ ઉદાહરણો આપી વિદ્યાર્થીઓને ભાવિ કારકિર્દીલક્ષી સુંદર માર્ગદર્શન આપ્યુ હતુ. ઈનોવેશન અને SSIP ક્લબના કો-ઓર્ડિનેટર પ્રા.જીગરકુમાર પરમારે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરી સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

દિવ્ય ભાસ્કર

વાપી ભાસ્કર 18-12-2022

# ખેરગામમાં ફિનિશિંગ સ્કૂલની ચાર તબક્કાની 20 દિવસની તાલીમ સંપન્ન

**ખેરગામ |** કોલેજમાં ચોથા તબક્કાની ફિનિશિંગ સ્કૂલની તાલીમનો પૂર્ણાહુતિ કાર્યક્રમ આચાર્ય ડો.એસ.એમ.પટેલના સાનિધ્યમાં ફિનિશિંગ સ્કૂલના માસ્ટર ટ્રેનર ડો. આદિત્ય યાજ્ઞિક અને એમના સહયોગી સિદ્ધાર્થ પરમની ઉપસ્થિતિમાં યોજાયો હતો. પ્રસંગોચિત ઉદબોધન કરતા આચાર્યએ વિદ્યાર્થીઓને જણાવ્યું કે "આ તાલીમનો ઉદ્દેશ ગુજરાત રાજ્યના વિદ્યાર્થીઓને સોફ્ટસ્કીલ તથા સ્પોકન ઈંગ્લીશની કૌશલ્યવર્ધક તાલીમ આપી તેઓની રોજગારી મેળવવાની ક્ષમતામાં વધારો કરવાનો છે. આ પ્રકલ્પ અંતર્ગત કોલેજના છેલ્લા વર્ષ (TY) અને જરૂર પડે બીજા વર્ષ (SY) ના વિદ્યાર્થીઓને 4 કંમ્પોનન્ટ મળીને કુલ ૨૦ દિવસ ચાલનારી ૮૦ કલાકની આ તાલીમ વિનાવિઘ્ને પૂર્ણ થઇ હતી. જેમાં ડો. આદિત્ય યાજ્ઞિકે "પ્રિ. ડો. એસ.એમ.પટેલની સાથે થયેલ પ્રથમ ટેલીફોનીક વાતચીત નો અનુભવ વિદ્યાર્થીઓ સાથે શેર કર્યો હતો.સમગ્ર કાર્યક્રમનું સંચાલન ફિનિશિંગ સ્કૂલના કો.ઓર્ડિનેટર અને સમાજશાસ્ત્ર વિભાગના પ્રા.ડો. જ્યોતિ એમ. કુરાડાએ કર્યું હતું. અને IQAC/NAAC કો.ઓર્ડિનેટર પ્રા. ડો. ધર્મરાજભાઈ ઈ. ટેભરેજીએ કર્યું હતું અને વિદ્યાર્થીઓને ભાવી કારકીર્દી માટે શુભેચ્છાઓ પાઠવી હતી. આ તાલીમમાં 50 જેટલા વિદ્યાર્થીઓએ રસ પૂર્વક સહભાગી બની ૨૦ દિવસની તાલીમનો લાભ લીધો હતો.

દિવ્ય ભાસ્કર

નવસારી 04-01-2023

# ખેરગામમાં યોગ ખેલકૂદ ધારા અંતર્ગત યોગ શિબિર વિષય સંદર્ભે સેમિનાર યોજાયો



**ખેરગામ ।** ખેરગામ સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ ખેરગામ જિલ્લા યુવા વિકાસ નવસારી દ્વારા સંચાલિત તેમજ પ્રયાસ ચેરીટિબલ ટ્રસ્ટનાં સહયોગથી નવસારી જિલ્લા કક્ષાના વ્યક્તિત્વ વિકાસ અને યોગાસન તાલીમ શિબિર-2022 અન્વયે આચાર્ય ડો. એસ.એમ.પટેલના માર્ગદર્શન હેઠળ IQAC સપ્તધારા અન્વયે વ્યાયામ, યોગ ખેલકૂદ ધારા અંતર્ગત 'યોગ શિબિર' વિષય સંદર્ભે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જે નિમિત્તે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ, ધરમપુરનાં યોગ કોચ, યુથ લીડરશીપનાં પ્રણેતા, સહજ સમાધીના માસ્ટર અને 22 વર્ષનો બહોળો અનુભવ ધરાવતા આર્ટ ઓફ લિવિંગનાં ટીચર ગુલાબભાઈ ડી.જાદવ અને તેમની સાથે ગ્રામ વિકાસ અને એન.આર. ડે. (N.R.Day) ફાઉન્ડેશન સેન્ટર ખેરગામથી મનિષાબેન પટેલ ઉપસ્થિત રહ્યાં હતા. વિષય સંદર્ભે ગુલાબભાઈએ વિદ્યાર્થીઓને વક્તવ્ય રજૂ કરી યોગ બાબતે જાગૃત કર્યા હતા. પ્રા.ડો. નીમુબેન એસ.ચૌધરીએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

દિવ્ય ભાસ્કર

વાપી ભાસ્કર 04-01-2023

# ખેરગામમાં યોગ ખેલકૂદ ધારા અંતર્ગત યોગ શિબિર વિષય સંદર્ભે સેમિનાર યોજાયો



ખેરગામા સરકારી વિનયન વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ ખેરગામ ખાતર જિલ્લા યુવા વિકાસ નવસારી દ્વારા સંચાલિત તેમજ પ્રયાસ ચેરીટિબલ ટ્રસ્ટનાં સહયોગથી નવસારી જિલ્લા કક્ષાના વ્યકતિત્વ વિકાસ અને યોગાસન તાલીમ શિબિર-૨૦૨૨, અન્વયે આચાર્ય ડૉ.એસ.એમ.પટેલના માર્ગદર્શન હેઠળ IQAC સપ્તધારા અન્વયે વ્યાયામ, યોગ ખેલકૂદ ધારા અંતર્ગત "યોગ શિબિર" વિષય સંદર્ભે સેમિનારનું આયોજન કરવામાં આવ્યુ હતું. જે નિમિત્તે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ, ધરમપુરનાં યોગ કોચ, યુથ લીડરશીપનાં પ્રણેતા, સહજ સમાધીના માસ્ટર અને 22 વર્ષનો બહોળો અનુભવ ધરાવતા આર્ટ ઓફ લિવિંગનાં ટીચર,ગુલાબભાઈ ડી.જાદવ અને તેમની સાથે ગ્રામ વિકાસ અને એન.આર. ડે. (N.R.Day) ફાઉન્ડેશન સેન્ટર ખેરગામથી મનિષાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ગુલાબભાઈએ વિદ્યાર્થીઓને વક્તવ્ય આપ્યું હતું. પ્રા.ડૉ.નીમુબેન એસ.ચૌધરીએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

## પીપલખેડના પટાંગણમાં રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S.)નો વાર્ષિક ખાસ શિબિર

# "પર્યાવરણ જાળવણી, સિંગલ યુઝ પ્લાસ્ટીક, આયુર્વેદ, આરોગ્ય" માટે ઉદ્ઘાટન

સત્ય ડે / વિનોદ મિસ્ત્રી :

ખેરગામ : સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ, ખેરગામના આચાર્ય ડો.એસ.એમ.પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ આયોજિત એન.એસ.એસ. (N.S.S.) યુનિટના ઉપક્રમે વાંસદા તાલુકાના પીપલખેડ પ્રાથમિક શાળા, પીપલખેડના પટાંગણમાં કુલ ૧૦૦ શિબિરાર્થીઓ તા.૦૪/૦૧/૨૦૨૩ બુધવાર થી તા.૧૦/૦૧/૨૦૨૩ મંગળવાર દરમ્યાન "પર્યાવરણ જાળવણી, સિંગલ યુઝ પ્લાસ્ટીક, આયુર્વેદ અને આરોગ્ય" ના હેતુને ચરિતાર્થ કરવા ઉત્સાહપૂર્વક જોડાયા હતા.





# ખેરગામ કોલેજનો પ્રા. શાળા પીપલખેડના પટાંગણમાં રાષ્ટ્રીય સેવા યોજના વાર્ષિક ખાસ શિબિર

## "પર્યાવરણ જાળવણી, સિંગલ યુઝ પ્લાસ્ટીક, આયુર્વેદ, આરોગ્ય" - મફત આયુર્વેદિક, હોમિયોપેથિક કેમ્પ યોજાયો : અનેક આદિવાસીઓ જોડાયા



(સત્ય ડે) વિનોદ મિસ્ત્રી :

દિવ્ય ભાસ્કર

## નવસારી 09-01-2023

# ખેરગામ કોલેજના NSS કેમ્પમાં આયુર્વેદ-આરોગ્યના સંદર્ભમાં મેડિકલ કેમ્પ યોજાયો



**ખેરગામ ।** ખેરગામ સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજના આચાર્ય ડો.એસ.એમ.પટેલના માર્ગદર્શન હેઠળ આયોજિત એન.એસ.એસ. (N.S.S.) યુનિટના ઉપક્રમે વાંસદા તાલુકાના પીપલખેડ પ્રાથમિક શાળાના પટાંગણમાં 101 શિબિરાર્થીઓ ઉત્સાહપૂર્વક જોડાયા છે. પર્યાવરણ જાળવણી, સિંગલ યુઝ પ્લાસ્ટીક, આયુર્વેદ અને આરોગ્યના વિષય સંદર્ભે યોજાઇ રહેલ કેમ્પમાં શનિવારે આયુર્વેદ નિદાન કેમ્પ ડો.પાર્થ પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. જેમાં આ કેમ્પનો લાભ શાળાના બાળકો, ગ્રામજનો તથા શિબિરાર્થીઓએ લીધો હતો. જેમકે આયુર્વેદમાં 176, હોમયોપેથિકમાં 163 અને હર્બલ ટીમાં 335 જેટલા લાભાર્થીઓએ લાભ લીધો હતો. આ કેમ્પમાં આયુર્વેદ અને હોમિયોપેથીક વિભાગના અનેક તબીબોએ સેવા આપી હતી.'વ્યસન મુક્તિ' વિષય સંદર્ભે ડો.શરદભાઈ પટેલ, પ્રેરણા ગૃપ નવસારીથી ઉપસ્થિત રહ્યાં હતા.

સોમવાર, ૦૯ જાન્યુઆરી, ૨૦૨૩
સત્યડે www.satyaday.com
Email: satyanews24@gmail

ખેરગામ કોલેજનો પ્રા. શાળા પીપલખેડના પટાંગણમાં રાષ્ટ્રીય સેવા યોજના વાર્ષિક ખાસ શિબિર

"પર્યાવરણ જાળવણી, સિંગલ યુઝ પ્લાસ્ટીક, આયુર્વેદ, આરોગ્ય" - મફત આયુર્વેદિક, હોમિયોપેથિક કેમ્પ યોજાયો : અનેક આદિવાસીઓ જોડાયા



**નવસારી 09-01-2023**

## ખેરગામ કોલેજના NSS કેમ્પમાં આયુર્વેદ-આરોગ્યના સંદર્ભમાં મેડિકલ કેમ્પ યોજાયો



ખેરગામ । ખેરગામ સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજના આચાર્ય ડો.એસ.એમ.પટેલના માર્ગદર્શન હેઠળ આયોજિત એન.એસ.એસ. (N.S.S.) યુનિટના ઉપક્રમે વાંસદા તાલુકાના પીપલખેડ પ્રાથમિક શાળાના પટાંગણમાં 101 શિબિરાર્થીઓ ઉત્સાહપૂર્વક જોડાયા છે. પર્યાવરણ જાળવણી, સિંગલ યુઝ પ્લાસ્ટીક, આયુર્વેદ અને આરોગ્યના વિષય સંદર્ભે યોજાઇ રહેલ કેમ્પમાં શનિવારે આયુર્વેદ નિદાન કેમ્પ ડો.પાર્થ પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. જેમાં આ કેમ્પનો લાભ શાળાના બાળકો, ગ્રામજનો તથા શિબિરાર્થીઓએ લીધો હતો. જેમકે આયુર્વેદમાં 176, હોમયોપેથિકમાં 163 અને હર્બલ ટીમાં 335 જેટલા લાભાર્થીઓએ લાભ લીધો હતો. આ કેમ્પમાં આયુર્વેદ અને હોમિયોપેથીક વિભાગના અનેક તબીબોએ સેવા આપી હતી.'વ્યસન મુક્તિ' વિષય સંદર્ભે ડો.શરદભાઈ પટેલ, પ્રેરણા ગૃપ નવસારીથી ઉપસ્થિત રહ્યાં હતા.

**વાપી ભાસ્કર 08-01-2023**

## ખરેગામ કોલેજના આયુર્વેદ- આરોગ્યના સંદર્ભમાં NSS કેમ્પમાં મેડિકલ કેમ્પ



ખેરગામ| સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ, ખેરગામના આચાર્ય ડૉ.એસ.એમ.પટેલના માર્ગદર્શન હેઠળ આયોજિત એન.એસ.એસ. (N.S.S.) યુનિટના ઉપક્રમે વાંસદા તાલુકાના પીપલખેડ પ્રાથમિક શાળા, પીપલખેડના પટાંગણમાં કુલ 101 શિબિરાર્થીઓ ઉત્સાહપૂર્વક જોડાયા છે. "પર્યાવરણ જાળવણી, સિંગલ યુઝ પ્લાસ્ટીક, આયુર્વેદ અને આરોગ્ય" ના વિષય સંદર્ભે યોજાઇ રહેલ કેમ્પમાં શનિવારે આયુર્વેદ નિદાન કેમ્પ ડૉ.પાર્થ એસ. પટેલ (આયુર્વેદ મેડિકલ ઓફિસર- માંડવખડક) નાં માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો. આ કેમ્પનો લાભ શાળાના બાળકો, ગ્રામજનો તથા શિબિરાર્થીઓએ લીધો હતો. જેમકે આયુર્વેદમાં ૧૭૬, હોમયોપેથિકમાં ૧૬૩ અને હર્બલ ટીમાં ૩૩૫ જેટલા લાભાર્થીઓએ લાભ લીધો હતો.આ કેમ્પમાં આયુર્વેદ અને હોમિયોપેથીક વિભાગના અનેક તબીબોએ સેવા આપી હતી."વ્યસન મુક્તિ" વિષય સંદર્ભે ડૉ.શરદભાઈ પટેલ, પ્રેરણા ગૃપ નવસારીથી ઉપસ્થિત રહ્યા હતા, જેમણે તંદુરસ્ત રહેવા માટે શું કરવું? વ્યસનથી દૂર રહેવા અને તેનાથી થતાં ગંભીર રોગો વિષે શિબિરાર્થીઓને માહિતગાર કર્યા તેમજ માનસિક સ્વસ્થતા ઉપર ખાસ ભાર મૂક્યો હતો.

**વાપી ભાસ્કર 03-03-2023**

## ખેરગામ કોલેજમાં ભૂતપૂર્વ વિદ્યાર્થી-વાલી સંમેલન અને ઇનામ વિતરણ સમારંભ



ખેરગામ। ખેરગામ કોલેજમાં "ભૂતપૂર્વ વિદ્યાર્થી-વાલી સંમેલન, ઈનામ વિતરણ સમારંભ અને ૩૦મો વાર્ષિકોત્સવ"નું આયોજન આચાર્ય ડૉ.એસ એમ પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું ,જેમાં જિ.પં.ના પ્રમુખ ભીખુભાઈ આહિર, પ્રિ.ડૉ.દિગમ્બર સિંહ એન.દેવરી, તા.પં.પ્રમુખ રક્ષાબેન પટેલ, સરપંચ ઝરણાંબેન પટેલ, પ્રિ.ડૉ.વાય.જે. મિસ્ત્રી, ભાજપ પ્રમુખ ચુનીભાઈ પટેલ,મહામંત્રી શૈલેષભાઈ ટેલર, અંકુરભાઈ શુક્લ સહિતના અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.આચાર્ય ડૉ.એસ.એમ.પટેલ વાર્ષિક અહેવાલ રજૂ કરતાં જણાવ્યું કે આ કોલેજ વિદ્યાર્થીઓનાં વિકાસ, ઉત્કર્ષ માટે સરાહનીય કાર્ય કરે છે, જે અવિસ્મરણીય છે. કાર્યક્રમમાં પ્રાર્થના, સરસ્વતી વંદના, ગરબા, આદિવાસી ડાંસ, ડાંગી નૃત્ય, રાજસ્થાની ઘૂમર, ફિલ્મી ગીત, ફિલ્મી ડાંસ, ગીત અને અનુભવ કથન રજૂ થયા હતા. પ્રા.ધર્મરાજ ઈ.ટેભરેજીએ સફળ સંચાલન કર્યું હતું.

**નવસારી 03-03-2023**

## ખેરગામ કોલેજમાં ભૂતપૂર્વ વિદ્યાર્થી-વાલી સંમેલન અને ઇનામ વિતરણ સમારંભ



ખેરગામ । ખેરગામ કોલેજમાં ભૂતપૂર્વ વિદ્યાર્થી-વાલી સંમેલન, ઈનામ વિતરણ સમારંભ અને 30મો વાર્ષિકોત્સવનું આયોજન આચાર્ય ડો.એસ.એમ.પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. જેમાં જિ.પં.ના પ્રમુખ ભીખુભાઈ આહિર,પ્રિ.ડો.દિગમ્બર સિંહ દેવરી, તા.પં.પ્રમુખ રક્ષાબેન પટેલ, સરપંચ ઝરણાંબેન પટેલ,પ્રિ.ડો.વાય.જે. મિસ્ત્રી, ભાજપ પ્રમુખ ચુનીભાઈ પટેલ, મહામંત્રી શૈલેષભાઈ ટેલર, અંકુરભાઇ શુક્લ સહિતના અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આચાર્ય ડો.એસ.એમ.પટેલ વાર્ષિક અહેવાલ રજૂ કરતાં જણાવ્યું કે આ કોલેજ વિદ્યાર્થીઓનાં વિકાસ, ઉત્કર્ષ માટે સરાહનીય કાર્ય કરે છે, જે અવિસ્મરણીય છે. કોલેજમાં ત્રણેય ફેકલ્ટીઓનું શૈક્ષણિક કાર્ય ચાલે છે. આ સાથે બંને ફેકલ્ટીમાં એમ.ફીલ તેમજ પીએચ.ડી. જેવી ઉચ્ચ ડિગ્રીનું શૈક્ષણિક માર્ગદર્શન પૂરૂ પાડવામાં આવે છે. કાર્યક્રમમાં પ્રાર્થના, સરસ્વતી વંદના, ગરબા, આદિવાસી ડાન્સ, ડાંગી નૃત્ય, રાજસ્થા ની ઘૂમર, ફિલ્મી ગીત, ફિલ્મી ડાંસ, ગીત અને અનુભવ રજૂ કરાયા.

